૮૨

34 હથિયાર પરવાના માટે અરજીઓના નિકાલ કરવા બાબત..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: હપચ-૧૦૭૭-૩૮૧૨-મ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૪-૧૦-૧૯૭૮.

વંચાણે લીધો:- તારીખ: ૨-૬-૧૯૭૭ નો પરિપત્ર ક્રમાંક: એઆરએમ-૧૦૭૭-૧૦૬૧-મ,

હથિયારના પરવાના માટે આવતી અરજીઓના નિકાલ માટે સરકારના તારીખ: ૨-૬-૧૯૭૭ ના પરિપત્ર ક્રમાંક: એઆરએમ-૧૦૭૭-૧૦૬૧-મ, થી ૮ અઠવાડીયાનો સમય નક્કી કરવામાં આવેલ પરંતુ સરકારશ્રીના ધ્યાન પર આવ્યું છે કે આ સમય મર્યાદાનું પાલન થતું નથી અને ઘણા કેસોમાં એવું માલુમ પડયું છે કે આ હથિયાર પરવાનાની અરજીઓના નિકાલમાં ૬ થી ૧૨ માસનો સમય પણ પસાર થઈ જાય છે. ખાસ કરીને આવા કેસોમાં એક કચેરીએથી બીજી કચેરી વચ્ચે લાંબા પત્ર વ્યવહારોથી અભિપ્રાય મેળવવામાં ઘણો સમય પસાર થાય છે.

હથિયાર પરવાના માટેની અરજીઓના ત્વરિત નિકાલ માટે સરકારે આ પ્રશ્નનો ઉંડાણથી અભ્યાસ કરી કયા તબક્કે કેટલો સમય લાગે તે નીચે પ્રમાણે નક્કી કરેલ છે. આ સમય મર્યાદાનો હવે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ભાગ- ૧

જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીએથી અપાતા સ્વરક્ષણ, સ્પોર્ટ તથા ડીસ્પ્લે માટેના હથિયારના પરવાના અંગેની કાર્યવાહી અંગેના સુચનો.

(૧) હથિયાર પરવાનાની અરજીઓ પ્રથમ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીએથી પાંચ દિવસમાં મામલતદાર કચેરીએ મોકલવી. તપાસ અંગેનું જરુરી ફોર્મ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની

...૨.

કચેરીએથી સહીજ મોકલવું.

(૨) હથિયાર પરવાનાની અરજીઓ તાલુકાની મામલતદાર કચેરીએથી પુરી પાડવાની વ્યવસ્થા કરવી.

(૩) પોલીસ સબ ઇન્સ્પેક્ટરને પોલીસ તપાસમાં નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવાના રહેશે.

(૧) અરજદારનો સામાજીક મોભો.
(૨) હથિયારની જરુરીયાત
(૩) પોલીસ દફતર પ્રમાણે અરજદારનું પુર્વવર્તન અને અરજદારનું ચારિત્ર.
(૪) અરજદારના હથિયાર :: વાપરવાની તથા સાચવવાની આવડત.
(૫) અરજદાર હિંસાવાદી વ્યક્તિઓ કે સંસ્થાઓ સાથે સંકળાયેલ છે કે કેમ ?
(૬) અરજદાર સ્પોર્ટસના આશયથી હથિયાર પરવાના પ્રાપ્ત કરવા માંગતા હોય તે તેઓ વન્ય પ્રાણી તથા પંખીઓ સંરક્ષણ ધારા ભંગમાં સંડોવાયા છે કે કેમ ?

(૨) હથિયાર પરવાનાની અરજીઓના નિકાલ માટે તબક્કાવાર સમયનો કોઠો નીચે પ્રમાણે છે જે પ્રમાણે કાર્યવાહી કરવી.

(અ) (૧) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીએથી અરજી મામલતદાર કચેરીએ અરજી મોકલવા માટે
( તપાસના ફોર્મ સાથે ) ................. ૫ દિવસ
(૨) તપાસના કાગળો મળ્યા બાદ આખરી નોંધ અને હુકમ ................. ૧૫ દિવસ

(બ) મામલતદારની કચેરી ................. ૫ દિવસ

(ક) પોલીસ સબ ઇન્સ્પેક્ટર :-

(૧) તાબાના અમલદારો દ્વારા તપાસ.... ૫ દિવસ
(૨) સ્થાનિક તપાસ... ૧૦ દિવસ

 36

(૩) તમાસના કાગળોની તપાસ અંગે પોલીસ સબ ઇન્સ્પેક્ટરનો અભિપ્રાય... 

(૪) મામલતદારનો આખરી ભલામણ ... 10 દિવસ

(૬) ડેપ્યુટી સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોલીસ... 5 દિવસ

(૭) જીલ્લા પોલીસ અધિકારી... 10 દિવસ

10 દિવસ

---

૭૫ દિવસ

જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીમાં હથિયાર પરવાના માટે ખાસ અલગ રજીસ્ટરો રાખવામાં રહેશે. અને તે દર આગલા માસની ૧૦ મી તારીખ પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તપાસવાના રહેશે. આ માટે પત્રક ''અ'' ની નકલ આ સાથે સામેલ છે.

ભાગ - ૨

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા અપાતાં પાક તેમજ પશુ સંરક્ષણ માટેના હથિયારના પરવાના અંગે સુચનાઓ.

(૧) હથિયાર પરવાના માટેની અરજી અંગે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીએ મામલતદાર તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ બંનેના અહેવાલો એક સાથે મંગાવવા અને આ બંને . અમલદારોએ તેમના અહેવાલ બારોબાર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીને મોકલવા.

(૨) અરજીના ફોર્મ તાલુકાની મામલતદાર કચેરીથી પુરા પાડવા

મામલતદારે તપાસવાના મુદ્દા :-

(૧) હથિયારની જરુરીયાતના કારણો.
(૨) અરજદારની સામાજીક મોભો.
(૩) અરજદારની જમીનની વિસ્તાર
(૪) અરજી સાથે મોકલેલ નમુના ૭/૧૨ તથા નમુના ૮/અ ની ચકાસણી.
(૫) મામલતદારની ભલામણ/અભિપ્રાય.

...૪.

પોલીસ સબ ઈન્સ્પેક્ટરે તપાસવાના મુદ્દાઓ :-

(૧) પોલીસ દફતર પ્રમાણે અરજદારનું પૂર્વવૃત્તાન્ત અને ચારિત્ર્ય.

(૨) અરજદારની હથિયાર વાપરવાની અને સાચવવાની આવડત.

(૩) અરજદાર હિંસાવાદી વ્યક્તિઓ કે સંસ્થાઓ સાથે સંકડાયેલ છે?

સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીએથી અપાતા હથિયાર પરવાનાઓની અરજીઓના નિકાલ માટે તબક્કાવાર સમયની સુચિ :-

| | |
|---|---|
| (૧) સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીએ આવેલ અરજી અંગે પ્રથમ મામલતદાર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરના અહેવાલ એકી સાથે અહેવાલો મંગાવવા.. | ૫ દિવસ |
| (૨) મામલતદાર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરના અહેવાલના કાગળો મળ્યા બાદ કાગળોની તપાસણી અને આખરી હુકમ... | ૧૫ દિવસ |
| (૩) મામલતદારની કચેરીએથી તાબાના અમલદારો દ્વારા તપાસ... | ૫ દિવસ |
| (૪) સ્થાનિક તપાસ... | ૧૦ દિવસ |
| (૫) અહેવાલની ચકાસણી તથા આખરી ભલામણ | ૧૦ દિવસ |
| (૬) પોલીસ સબ ઈન્સ્પેક્ટર દ્વારા તાબાના અમલદારો દ્વારા તપાસ... | ૫ દિવસ |
| (૭) સ્થાનિક તપાસ... | ૫ દિવસ |
| (૮) પોલીસ સબ ઈન્સ્પેક્ટરની કાગળોની તપાસ અને આખરી ભલામણ... | ૫ દિવસ |
| | ૬૦ દિવસ |

સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીમા હથિયાર પરવાના માટેની અરજીઓ માટે ખાસ અલગ દફતર રાખવાના રહેશે. અને દર આગલા મહિનાની ૧૦ મી

...૫.

તારીખે પહેલા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટે આ દફતરો તપાસવાના રહેશે. આ માટે સુચના નં.૧ માં દર્શાવેલ "અ" મુજબનું પત્રક આ સાથે જોડેલ છે.

હથિયાર પરવાના માટેની અરજીઓનો નમુનો આ સાથે જોડેલ છે જે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા મામલતદાર કચેરીએથી પુરા પાડવાના રહેશે.

હથિયાર પરવાના માટે આવતી અરજીઓના નિકાલ માટે ઉપરોકત સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન કરવાની સરકારશ્રીની સુચના છે. જો સમય મર્યાદાનું પાલન નહિ કરવામાં ન આવશે તો લાગતા વળગતાનો ખુલાસો માગવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
નાયબ સચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર

નકલ રવાના:- સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.

એફ/૨૧૧૨.